**<u>અનુસ્નાતક વિદ્યાર્થીઓની તેમની રેસીડેન્સીયલ રીકવાયરમેન્ટ પૂર્ણ થયા બાદની ફી લેવા બાબત</u>**

વંચાણે લીધો: તા.૨૭/૦૮/૨૦૨૦ના રોજ વિદ્યાપરિષદની મળેલ ૫૪મી બેઠકની કાર્યનોધના મુદ્દા નં. ૫૪.૧૧

# જાહેરનામું

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની તા.૨૭/૦૮/૨૦૨૦ના રોજ મળેલ વિદ્યા પરિષદની ૫૪મી બેઠકની કાર્યનોધના મુદ્દા નં. ૫૪.૧૧થી નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.

**"અનુસ્નાતક વિદ્યાર્થીઓનો તેમની રેસીડેન્સીયલ રીકવાયરમેન્ટ (માસ્ટર-૪ સેમેસ્ટર અને પી.એચ.ડી-૬ સેમેસ્ટર) પૂર્ણ કર્યા બાદ પણ જો અભ્યાસ ચાલુ રહે અને તેમનું કોર્ષ વર્ક સંપૂર્ણપણે પૂર્ણ થયેલ હોય અને માત્ર સંશોધન તેમજ થીસીસની કામગીરી બાકી રહેતી હોય તેવા વિદ્યાર્થીઓને આગળના સેમેસ્ટરથી માત્ર રજિસ્ટ્રેશન ફી, લાઇબ્રેરી ફી, પરીક્ષા ફી તથા ઇવેલ્યુએશન રીપોર્ટની ફી ભરી રજિસ્ટ્રેશન ચાલુ રાખવાનું રહેશે. જો કોઈ વિદ્યાર્થીઓનું કોર્ષ વર્ક બાકી રહેતું હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીએ તમામ ફી વધારાના સેમેસ્ટર માટે ભરવાની રહેશે તેવું વિદ્યાપરિષદ દ્વારા ઠરાવવામાં આવે છે."**

**કુલસચિવ**

જા.નં.આકૃયુ/રજી/પરીક્ષા/પીજીટી/૨૭૯૯/૨૦૨૦
તા.૨૬/૦૯/૨૦૨૦

નકલ સવિનય રવાના :-
૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૨. આ યુનિવર્સિટીના તમામ આચાર્યશ્રીઓ તરફ.
3. વિદ્યાપરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ.
૪. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ.
૫. સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર તરફ જાણ સારું.

નકલ રવાના:-
૧. આ વિભાગની તમામ શાખાઓ તરફ.
૨. એકેડેમીક શાખા તરફ જાણ સારું. (૧૦ નકલમાં)